ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૧૬ ટકા

# શહેરમાં પોલિયો, રવિવારે રોટરીની પ્રસંશનીય કામગીરી





ગાંધીનગર, તા. ૨

આજે ગાંધીનગરમાં પોલિયો રવિવાર ઉજવાયો હતો. શહેરમાં પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત 'દો બુંદ જીંદગી કી' જેવી પોલિયોની રસીના ટીંપા બાળકોને પીવડાવવાની કવાયત વિવિધ સ્તરે હાથ ધરાઈ હતી. આ અભિયાન અંતર્ગત શહેરની રોટરી કલબ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાની ટીમે શહેરમાં એસ.ટી.ડેપો, અક્ષરધામ, સે-૨૪, ૨૫, ૨૬ના ઝુંપડપટ્ટીના વિસ્તારો સહિત અન્ય શ્રમજીવી વસાહતોમાં આ ઝુંબેશ અસરકારક રીતે હાથ ધરી હતી.

ગાંધીનગરની રોટરી કલબ દ્વારા પ્રમુખ એન.પી.પટેલ, સેક્રેટરી ડૉ.દિપક બારોટ તથા પ્રોજેકટ ચેરમેન ડૉ.ગુંજન જૈનની આગેવાની હેઠળ સમગ્ર ટીમ દ્વારા શહેરમાં પોલિયો રવિવારે કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીમાં રોટરી કલબના સભ્યો, રોટરેકટ કલબના યુવાનો તથા સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગની વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી અને આશરે ૬૦૦થી વધુ બાળકોને પોલિયોની રસીના ટીંપા પીવડાવ્યા હતા. આ ઝુંબેશમાં રોટેરિયન્સ મહેન્દ્ર ભાવસાર, જશવંત ગાંધી, ડૉ. જગદીશ પટેલ, ચૈતન્ય શુકલ, આશાબેન સરવૈયા, કિરણભાઈ પટેલ, જગજીતસિંહ મુલતાની, એચ.એમ. પટેલ, કેતન મહેતા, જીતેન્દ્ર પટેલ, સુધીરકુમાર, ઉર્મિલ વેદ, અલકાબેન પટેલ, કુલદીપ જૈન, રાજેશ પ્રણામી, નિલેશ ગાંધી, યુવા રોટેરિયન્સ શ્રેય સુધીરકુમાર, ક્રિશ્ના પટેલ, તેજ પટેલ, હેલી પટેલ, પ્રથમ પરીખ, એની પરમાર, તીરથ મહેતા, વિધિ ઉપાધ્યાય વગેરે જોડાયા હતાં.

## ગાંધીનગરથી વેરાવળ-દીવની સ્લીંપીગ કોચ બસ સેવા શરુ : મુસાફરોમાં આનંદ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર એસટી ડેપો દ્વારા વેકેશનની સિઝનને ધ્યાને લઈ વેરાવળ-દીવની સ્લીંપીગ કોચ બસની શરુઆત કરવામાં આવી છે. ગાંધીનગરથી સાંજે ૭ વાગે વેરાવળ રૂટની બસ ઉપડશે જયારે રાત્રીના ૯ કલાકે દિવ જવા માટે સ્લીપીંગ કોચ બસ સેવા મુસાફરોને ઉપલબ્ધ થશે.

ગાંધીનગર અમદાવાદ શહેરી બસ સેવા અન્વયે નિયમિત અપડાઉન કરતા તેમજ વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની હાલાકી ભોગવવી ના પડે તે માટે જરુરી રૂટ પર બસો દોડાવવામાં આવી રહી છે. બીજી તરફ છેલ્લા ઘણા સમયથી ગાંધીનગર ડેપોમાં બહારના શહેરો તરફ જવા માટે પણ વિશે, ટ્રાફિક જોવા મળે છે. જેને ધ્યાને લઈ એસટી ડેપો દ્વારા અમદાવાદથી દોડતી જયપુર અને નાથદ્વારા માટે વોલ્વો બસ વાયા ગાંધીનગર થઈને દોડાવાનું શરુ કરી દેવાયું છે. હાલ વેકેશનની મૌસમ ચાલુ થઈ ગઈ છે.ત્યારે વિશેષ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં જવા માટે પણ મુસાફરોનો વિશેષ ધસારો રહે છે. આવા સંજોગોમાં ગાંધીનગર ડેપો દ્વારા વેરાવળ અને દિવના રુટ માટે ખાસ સ્લીંપીગ કોચ બસ સેવા શરુ કરી દેવાઈ છે.

## ઉદ્યોગભવન ખાતે નવા બોરની કામગીરીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના ઉદ્યોગભવન ખાતે આવેલા અઢી દાયકા પુરાણા બોરમાં પંકચર થતા, મોટરને લોડ પડવા ઉપરાંત સર્જાઈ રહેલી અનેક સમસ્યાઓના નિરાકરણ માટે, નવો બોર બનાવવાનું નકકી કરવામાં આવ્યુ છે. જેના પરિણામસ્વરૂપ આશરે પંદર લાખના ખર્ચે એક નવો બોર બનાવવામાં આવી રહ્યો છે. આશરે એક સપ્તાહમાં પૂર્ણ થનારી આ કામગીરી બાદ અહિના ૧૯ બ્લોકમાં ફરજ બજાવતા કર્મચારીઓ-અધિકારીઓની દૈનિક ત્રણથી ચાર લાખ લીટર પાણીની જરૂરિયાત સંતોષી શકાશે.

ગાંધીનગરના સેકટર-૧૧ ખાતે ૧૯૯૦ માં ઉદ્યોગ ભવનનું નિર્માણ કરવામાંઆવ્યુહતુ. નવા સચિવાલયની માફક આકાર પામેલુ ૧૯ બ્લોકનાં આ



સંકુલમાં વિવિધ કચેરીઓ ઉપરાંત બેંકના કર્મચારીઓ પણ ફરજ બજાવે છે. જીઆઈડીસી, ઈન્ડેક્ષ્ટ-બી, ઈન્ડેક્ષ્ટ-સી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, અર્બન ડેવલપમેન્ટ મિશન, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ઉદ્યોગ કમિશનર, છાપકામ અને લેખન સામગ્રી સહિતની અનેક કચેરીઓ ઉપરાંત બેંકનાં કર્મચારીઓ તેમજ અધિકારીઓ અહિ ફરજ બજાવે છે. આ સમગ્ર સ્ટાફ માટે દૈનિક ત્રણ થી ચાર લાખ લીટર પાણીની આવશ્યકતા રહે છે. આ આવશ્યકતાને પહોંચી વળવા માટે અહિ એક બોર કાર્યરત છે. જો કે, હાલમાં આ બોરમાં પંક્ચર પડવાને કારણે તેની કામગીરીમાં ભંગાણ પડયુ છે. આથી એક નવા બોરની આવશ્યકતા ઉભી થઈ હતી. જેના પરિણામે એક બોર બનાવવાની મંજુરી મળતા બોરનું ડ્રીલીંગ ચાલુ કરી દેવામાં આવ્યુ છે. આશરે એકાદ સપ્તાહમાં ડ્રીલીંગ કામગીરી પૂર્ણ થતા જ નવા બોરને સમ્પ સાથે જોડી દેવામાં આવશે.

## પોલિયો નાબુદી અભિયાનમાં નગરસેવકનું યોગદાન



ગાંધીનગરમાં પોલિયો રવિવારે બાળકોને પોલિયોની રસીના ટીંપા પીવડાવવાનું અભિયાન હાથ ધરાયું હતું. આ પ્રસંગે શહેરમાં ઠેર ઠેર ટીંપાકરણ બુથ ઉભા કરવામાં આવ્યા હતા જયાં કર્મચારીઓએ ધોમધખતા તડકામાં પણ બાળકોને ટીંપા પીવડાવવાની કામગીરી નિભાવી હતી. શહેરના વોર્ડ નં. ૮માં નગરસેવક પાયલબેન મેણાતે સે-૪ તથા ૩ ન્યુમાં પોલિયો ટીંપાકરણ બુથની મુલાકાત લઈ કર્મચારીઓની કામગીરીમાં સહયોગ પુરો પાડયો હતો. આ સાથે તેમણે ઉનાળાની ગરમીને અનુલક્ષીને કર્મચારીઓને પોતાના ઘરેથી લીંબુ શરબત બનાવી લાવીને પીવડાવ્યો હતો. લીંબુ શરબત પીવાથી ઠંડક મળતા કર્મચારીઓનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો.

## ઘરફોડ અટકાવવા પોલીસનો નવો એકશાન પ્લાન તૈયાર

ગાંધીનગર, તા. ૨

ન્યુ ગાંધીનગર અને સેકટર-૭ વિસ્તારમાં ઘરફોડ ચોરોઓ ઘરફોડની સીરીઝ કરી પોલીસના પેટ્રોલીંગ પર શંકા ઉભી કરી છે. ત્યારે હવે ગાંધીનગર પોલીસે ઘરફોડથી અફેકટેડ વિસ્તારો પર નોટીંગ કરીને આ વિસ્તારમાં ડબલ પેટ્રોલીંગ રાઉન્ડ કરવા તથા ખાનગી બાઈક પર ખાનગી વેશમાં પેટ્રોલીંગ કરવાનો નવો એકશન પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે.

એક તરફ વિધાનસભા સત્ર ચાલી રહ્યું હતું એટલે મોટા ભાગની પોલીસ બંદોબસ્તમાં અને રેલ-સભા-સરઘસો રોકવાના કામમાં લાગેલી હતી. આ તકનો લાભ લઈને ઘરફોડ ચોરી કરતી ગેંગ

**ઘરફોડના રેડ ઝોન ન્યુ ગાંધીનગર અને સે-૭ વિસ્તારમાં નાઈટ રાઉન્ડ 'સાઉન્ડ' કરાશે : પેટ્રોલીંગ બમણું કરી ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ ખાનગી બાઈકમાં ફરશે**

એકટીવ થઈ ગઈ હતી. અને સે-૭ વિસ્તારમાં તથા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં આ ગેંગ દ્વારા રીતસરનો તરખાટ મચાવી દેવાયો હતો. હવે પોલીસને બંદોબસ્તમાંથી રાહત મળી એટલે ઘરફોડ અટકાવવાના મુદ્દાને હાથ પર લઈ નવો એકશન પ્લાન તૈયાર કર્યો છે. એકશન પ્લાન મુજબ આ વિસ્તારોમાં નાઈટ પટ્રોલીંગ સઘન બનાવવા માટે પેટ્રોલીંગ અસરકારક કરાશે. જે અંતર્ગત આ વિસ્તારમાં હાલની સ્થિતિએ નાઈટ રાઉન્ડ મારતી પોલીસને ડબલ રાઉન્ડ મારવા સુચના આપી નાઈટ રાઉન્ડ 'સાઉન્ડ' બનાવાશે. તે ઉપરાંત ખાનગી બાઈક પર ખાનગી વેશમાં એલસીબીની ટીમો નાઈટ પેટ્રોલીંગમા નીકળશે. શકમંદો પર ખાસ વોચ રાખવામાં આવશે.

# રાષ્ટ્રના ફેફસાં ફાડી નાંખતા ટીબીને નાથવો અત્યંત જરૂરી

**વિશ્વમાં દર વર્ષે ૨૩ ટકા દર્દીઓ સાથે ભારત મોખરે : પ્રતિ વર્ષ ૮ લાખ દર્દીઓના મૃત્યુથી રાષ્ટ્રની આર્થિક પ્રગતિને ઘણુ નુકશાન : ટીબી અંગે જાગૃતિ ફેલાવી નિયમિત સારવાર એ જ એક માત્ર ઉપાય**




ગાંધીનગર, તા. ૨

શું તમે માનશો કે ભારત દેશમાં દરરોજ ૪૦ હજાર વ્યકિતને ટીબીનો ચેપ લાગુ પડે છે અને દરરોજ ૫ હજાર ટીબીના નવા કેસ પેદા થાય છે? વળી ટીબીના કારણે દેશમાં દરરોજ ૧ હજારથી વધુ દર્દીઓ મોતને ભેટે છે. એટલે કે લગભગ દર દોઢ મિનીટે ટીબીના કારણે એક દર્દી મૃત્યુ પામે છે. જેના કારણે ભારતમાં ટીબીનો ઈન્સીડેકસ રેટ ૧૬૭ પ્રતિ લાખ છે જયારે મૃત્યુ દર ૩૬ ટકા છે. ટીબીના રોગને કારણે રાષ્ટ્રની આર્થિક પ્રગતિને મોટું નુકશાન થાય છે. કરોડો માનવ દિવસ વેડફાય છે અને કરોડો રૂપિયાનું આંધણ થાય છે. એક અંદાજ મુજબ ટીબીના કારણે દેશને વાર્ષિક ૧૨ હજાર કરોડનું પ્રત્યક્ષ કે પરોક્ષ નુકસાન થાય છે. તાજેતરમાં જ તા. ૨૪મી માર્ચે આપણે વિશ્વ ક્ષય દિવસ ઉજવ્યો છે પરંતુ હજુ પણ આ રોગ પ્રત્યે આપણે ગંભીરતા દાખવી તે અંગે જાગૃતિ ફેલાય તેવા પગલાં લેવા અત્યંત જરૂરી છે.

ટીબી એક મહા રોગ છે અને ખાસ કરીને ઔદ્યોગિક વિસ્તારોમાં તેની અસર સૌથી વધુ જોવા મળે છે. આ રોગ જયારે સામાજિક અને આર્થિક રીતે પછાત વ્યકિતઓને લાગુ પડે છે ત્યારે તેમના પરિવારની સ્થિતિ ખુબ દયનીય બને છે તેમના કુટુંબની આજીવીકા સ્થગિત થઈ જાય છે એટલું જ નહી તેના પર દવાના ખર્ચનો બોજ પણ ઉભો થાય છે. એક અભ્યાસ મુજબ માત્ર ટીબીના કારણે દર વર્ષે ૩ લાખ બાળકોને તેમનો અભ્યાસ પડતો મુકવો પડે છે અને આશરે ૧ લાખ મહિલાઓને વૈવાહિક જીવનમાં ભંગાણની સમસ્યાનો સામનો કરવો પડે છે. ટીબી મોટે ભાગે ગરીબ, કુપોષિત, એચઆઈવી ગ્રસ્ત દર્દીઓ, ડાયાબીટીશના દર્દીઓ, બાળકો, મહિલાઓ, કેદીઓ, વૃધ્ધ વ્યકિતઓ, ડ્રગ્સના બંધાણીઓ, શરણાર્થીઓ, રખડતી જાતિઓ તમાકુનું સેવન કરનારાઓ કે દારૂનું વ્યસન ધરાવનારાઓમાં વધુ જોવા મળે છે. વિશ્વમાં ટીબીના કુલ પેદા થતા દર્દીઓમાંથી ૨૩ ટકા એકલા ભારતમાં થાય છે જે સૌથી વધુ છે.



હાલ ભારતમાં આશરે દરેક ૧૦માંથી ૧ વ્યકિતને જીવન પર્યંત ટીબી થયેલો જોવા મળે છે.

અંગ્રેજીમાં ટયુબર કયુલસીસ બેસીલાઈ અને ગુજરાતીમાં ક્ષય રોગ તરીકે ઓળખાતા ટીબી રોગના લક્ષણોમાં સામાન્ય રીતે બે સપ્તાહથી વધુ સમયથી ખાંસી આવતી હોય, ભૂખ ના લાગે, શરીરમાં સતત જીર્ણ તાવ રહે, ગળફામાં લોહી પડે, વજન ઘટી જાય વગેરેનો સમાવેશ થાય છે. ટીબી જંતુ જન્ય અને ચેપી રોગ છે ઉધરસ કે છીંક ખાવાથી પણ બીજી વ્યકિતને લાગુ પડી શકે છે. આ રોગના કારણે દર્દીની રોગ પ્રતિકારક શકિત ઘટી જાય છે અથવા કોઈ રોગના કારણે ઘટી ગયેલ રોગ પ્રતિકારક શકિતના કારણે પણ ટીબી થઈ શકે છે. આ રોગની તપાસ ગફળાની તપાસ તથા એકસરે એમ બે પધ્ધતિથી થાય છે. જો ગફળામાં ટીબીના જીવાણું આવતા હોય તેવા દર્દીને સારવાર ન મળે તો તે એક વર્ષમાં બીજા ૧૦ થી ૧૫ તંદુરસ્ત વ્યકિતને તેનો ચેપ લગાડી શકે છે. સામાન્ય રીતે ટીબી વ્યકિતની કમાવાની ઉંમર એટલે કે ૧૫ થી ૪૫ વર્ષની વય દરમિયાન વધુ થાય છે. બાળકોમાં ટીબીનું પ્રમાણ ૧૦ ટકા જેટલું જોવા મળે છે. ગ્લોબલ ટીબી રિપોર્ટ ૨૦૧૬ મુજબ ભારતમાં આશરે ૨૮.૪૦ લાખ ટીબીના નવા દર્દીઓ દર વર્ષે પેદા થાય છે. જેમાંથી ૧.૧૩ લાખ દર્દીઓના પ્રતિ વર્ષ મૃત્યુ થાય છે. વળી ટીબી બે પ્રકારનો હોય છે જેને સાદો ટીબી અને હઠીલો ટીબીથી વર્ગીકૃત કરવામાં આવે છે. ભારતમાં દર વર્ષ આશરે ૧.૩૦ લાખ જેટલા દર્દીઓ હઠીલા ટીબીના જોવા મળે છે. ટીબીના દર્દીઓમાં ૮૦ ટકા જેટલાને ફેફસાંનો ટીબી તથા બાકીના ૨૦ ટકામાં મગજ, હાડકાં, આંતરડા વગેરે ભાગોમાં થતો ટીબી જોવા મળે છે.

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૬માં ૧૭૦૭૦ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૨૦૯૭ દર્દીને ટીબી થયેલો મળ્યો હતો. આ જિલ્લો છેલ્લા ૧૧ વર્ષથી ટાર્ગેટ ઝોનમાં રહેવા પામ્યો છે એટલે કે સરકારના ટીબીને નાથવાના કાર્યક્રમ આરએનટીસીપી વિભાગની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રાજય કક્ષાએ બહુમાન મેળવેલ છે. જો કે આ જીવલેણ રોગ પ્રત્યે જો પુરતી જનજાગૃતિ ના ફેલાય તો વિશ્વ ક્ષય રોગ દિવસની ઉજવણી નિરર્થક છે. ટીબી રોગને નાથવા માટે રાજય સરકારે વર્ષ ૨૦૧૦થી એમડીઆર સસ્પેકટ માટેના ૬ ક્રાઈટેરિયા પ્રમાણે ડાયગ્નોસીસની વ્યવસ્થા ઉભી કરી છે તેનો ગાંધીનગર જિલ્લામાં પ્રાયોગિક અભ્યાસ કરી રાજય કક્ષાએ અમલી બનાવાઈ છે. ટીબીના દર્દીઓની અત્યંત ખર્ચાળ સારવારને સામાજિક તથા આથિક રીતે પછાત દર્દીઓને સરકાર દ્વારા વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે. સામાન્ય ટીબી કે હઠીલો ટીબી પણ નિયમિત અને સમયસરની સારવારથી મટાડી શકાય છે. આ માટે યોગ્ય માહિતી અંગે જાણકારીનો ફેલાવો અને સાવચેતી અંગે ગંભીરતા ખૂબ જરુરી છે. આ વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા 'ટીબીના અંત માટે એક થઈએ' તે સુત્ર સાથે વધુ સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. આપણે પણ રાષ્ટ્રના વિકાસ અર્થે આપણી આસપાસ જો આ રોગના લક્ષણો ધરાવતી વ્યકિતઓ જણાય તો તેમની તપાસ કરાવી જો પોઝીટીવ હોય તો તેમને સારવાર અપાવવામાં મદદરૂપ બની રાષ્ટ્રને ટીબી મુકત બનાવવા તરફ યોગદાન આપવું જોઈએ.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## આઈ લવ માય ગાંધીનગર



**ચિત્રસેન શાહ**
હાસ્ય લેખક

**ગાંધીનગર ગમે**

ગાંધીનગરના શિયાળાની સવાર એટલે ખાસ કરીને મૉર્નિંગ વૉકર્સને આહ્લાદક હિલ સ્ટેશનનો અનુભવ ! આ મજા માણવા કૂકડાએ પણ એલાર્મ મૂકવો પડે તેમ મજાકમાં કહી શકાય ! વળી દિવસે ને દિવસે ગાંધીનગરના આકર્ષણમાં ઉમેરો થતો જ રહે છે. મહાત્મા મંદિરથી દાંડીપુલ દ્વારા દાંડી કુટિર પહોંચીએ એટલે કે જાણે ૧૯૩૦ની ૧૨મી માર્ચના દાંડી કૂચનો ફ્લેશ બૅક ! આવા વિઝનને સ્વર્ણિમ સલામ !

**નગરજનો**

અહીંનાં નગરજનો ખૂબ માયાળુ, સેવાભાવી અને સંસ્કૃતિ પ્રેમી છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

સાંસ્કૃતિક અને સેવાકીય પ્રવૃત્તિ કરતી શહેરની સઘળી સંસ્થાઓ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા અને જાહેર શિસ્ત બાબતે કામ કરવાની જરૂર છે.

**નગર માટે હું કરી શકું**

આપણે ત્યાં લગ્ન પ્રસંગે તેમજ બીજી અનેક પાર્ટીઓમાં વધેલી રસોઈનો મોટાભાગે બગાડ થતો હોય છે. જો સ્વયંસેવી સંસ્થાઓ પાંચ-છ જણની ટીમ બનાવે કે જે આવા પ્રસંગોએ સ્થળ પર જઈ આ રસોઈ એકઠી કરી ઝૂંપડપટ્ટી સુધી પહોંચાડે તો વંચિતોની ઘણી મોટી સેવા થઈ શકે. આ લખનાર કોઈપણ સંસ્થાની આવી ટીમનો મૅમ્બર, લીડર બનવામાં આનંદ અનુભવશે.

## ઈલે. ફોલ્ડરમાં પ્લગ ભરાવવા જતા શોર્ટ સર્કીટથી દાઝી ગયેલી બોરીજની પરિણીતાનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરને અડીને આવેલા બોરીજ ગામમાં રહેતી ૨૦ વર્ષીય પરિણીતા પોતાના ઘરે ઈલેકટ્રીક ફોલ્ડરમાં પ્લગ ભરાવતી હતી ત્યારે શોર્ટ સર્કીટ થતા આગ લાગવાથી દાઝી ગઈ હતી. ચાર દિવસથી હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતી આ પરિણીતાનું આજે સવારે સારવાર દરમિયાન હોસ્પિટલમાં જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. સે-૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી લગ્ન ગાળો આઠ માસનો જ હોવાથી સમગ્ર તપાસ ડીવાયએસપીએ હાથ ધરી છે.

બોરીજ ગામમાં રહેતી ૨૦ વર્ષીય પરિણીતા પુજાબેન અંકિતભાઈ ત્યાગીના આઠ મહિના પહેલા જ લગ્ન થયા હતા. ૨૮ તારીખે પોતાના ઘરે ઓસરીમાં રાત્રીના દશેક વાગ્યાના અરસામાં ઈલેકટ્રીક ફોલ્ડરમાં પુજા ત્યાગી પ્લગ ભરાવતી હતી ત્યારે અચાનક શોર્ટ સર્કીટ થઈ જતા આગ લાગી હતી. આ ઘટનામાં દાઝી ગયેલી પુજા ત્યાગીને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. આજે સવારે હોસ્પિટલમાં પુજાનું સારવાર દરમિયાન મૃત્યુ થઈ જવા પામ્યું હતું. આ શંકાસ્પદ ઘટના અંગે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને ડીવાયએસપીએ ઝીણવટભરી તપાસ આરંભી છે.

## @ગાંધીનગર

● ગુજરાત વિચરતી અને વિમુકત જાતિ વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા ચેક વિતરણ સમારોહ સવારે ૧૧.૦૦ કલાકે સે-૧૭ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે.

● ગાંધીનગર શહેરના સે-૫-સી કલેહર માતાજીના દ્વિતિય પાટોત્સવ અંતર્ગત નિર્વાણ કોટિ મહાયજ્ઞ સવારે ૮ કલાકે તેમજ માતાજીની ગરબી અને ભજન સાંજે ૮ કલાકે યોજાશે.

● જય બુટ ભવાની માં આનંદ ગરબા મંડળ દ્વારા પ્લોટ નં. ૩૪૦/૨, સે-૪-બી ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● પેથાપુર જીઈબી કોલોની ૩૯/૧ એચ પ્રેમીલાબેન પંચાલના નિવાસસ્થાને આનંદનો ગરબો બપોરે ૨.૩૦ કલાકે યોજાશે.

● સે-૨૩ શિવશકિત મંદિર ખાતે આનંદનો ગરબો બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો પ્લોટ નં. ૫૨૧/૨, સે-૩-સી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● સે-૨૪ અંબાજી મંદિર ખાતે બપોર ૨.૩૦ કલાકે સેવાભાવી યુવાનો દ્વારા પાણી બચાવોના સંદેશા સાથે આનંદનો ગરબો યોજાશે.

● ઉનાવા ગોગા મહારાજના ધામે રાત્રે ૮.૦૦ કલાકે રાસ ગરબાની રમઝટ યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં તાપમાન સહિતની આબોહવાની માપણી કરતી હવામાન કચેરીમાં રોજબરોજનું નિરીક્ષણ કરતા અધિકારી નિવૃત્ત થયા હતા અને તેમના સ્થાને એક દિવસ બાદ નવા કર્મચારીની નિમણુંક કરવામાં આવી હતી. જો કે આ બંને પ્રક્રિયા વચ્ચે એક દિવસની ગેપ પડતાં રવિવારે તાપમાનના આંકડા જાણી શકાયા નહોતા.

● સેકટર-૩માં રવિવારે બપોરે ૩ થી ૫ વાગ્યા દરમિયાન ગેસ પુરવઠો બંધ રહ્યો હતો. ગટર પાઈપલાઈનમાં હાથ ધરાયેલ મરામત કાર્યને કારણે આ ગેસ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો.

● આગામી તા. ૫મી એપ્રિલથી ક્રિકેટની લોકપ્રિય સ્પર્ધા આઈપીએલ-૧૦નો પ્રારંભ થઈ રહ્યો છે. આ સ્પર્ધાની ઓપનિંગ સેરેમની માટેના રંગારંગ કાર્યક્રમમાં ગાંધીનગરના પનઘટ ગૃપના ભાવિન પટેલ આસીસ્ટન્ટ કોરિયોગ્રાફીની સેવાઓ આપવા પસંદગી પામ્યા છે અને તે માટે તેઓ હૈદ્રાબાદ જવા રવાના થયા છે.

● સેકટર-૩માં ગટર લાઈનની મરામતનું કાર્ય હાથ ધરાતા ઘ રોડ પરથી સેકટરમાં પ્રવેશવાના માર્ગે ખાડા ખોદવામાં આવતા માટીના મોટા ઢગ ખડકાયા છે જેના કારણે બે દિવસથી રસ્તો બંધ કરાયો છે. આ રીપેરીંગ કામના કારણે ગેસ પાઈપલાઈન બંધ કરવાની જાહેરાત કરતી રીક્ષા સેકટરમાં ફરી હતી.

## ચિરવિદાય

- સ્વ. રાયમલભાઈ કરણાજી ગોહિલ, ઉ.વ. ૯૦
- સ્વ. જીજ્ઞેશ રમતુજી મકવાણા, ઉ.વ. ૨૪
- સ્વ. નરેન્દ્રસિંહ જગતસિંહ વાઘેલા, ઉ.વ. ૪૧
- સ્વ. હસમુખભાઈ આત્મારામ તળપદા, ઉ.વ. ૬૬